सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઇલ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૨૯ |

---

**મહેરબાન ભરૂચના છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૪૩૨/૨૦૨૬</u>**

**આંક : –**

**અરજદાર :– ઓમકારસિંહ ધર્મેન્દ્રસિંહ ધરીયા,**
ઉ. વ. પુખ્ત, ધંધો – વેપાર,
રહે. ફીચવાડા ગામ, તા. ઝઘડીયા,
જિ. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. જી. ઠાકોર
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ભરૂચ 'સી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૬૦૨૨૭/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૫૪ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીએ રજુ કરેલ **આંક–૦૩** નાં લીસ્ટ મુજબ આ અગાઉ આરોપીએ એફ.આઇ.આર.નાં ગ્રાઉન્ડ ઉપર ક્રિ.પ.અ.નં. ૨૬૯/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા તા. ૧૦/૦૪/૨૦૨૬ નાં રોજ નામંજુર કરેલ છે, ત્યારબાદ ચાર્જશીટ દાખલ થતા હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩, ૧૯, ૨૦** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા આરોપી તરફે **આંક–૧૩** થી રજુ લેખિત દલીલો તથા આરોપી તરફે **આંક–૧૬** થી રજુ નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લીધા તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક–૦૫** થી રજુ કરેલ એફીડેવીટ તથા **આંક–૧૦ તથા આંક–૧૮** થી રજુ ત.ક.અધિકારીશ્રીના ખુલાસાની હકીકતો ધ્યાને લીધી.

(૪) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ એફ.આઇ.આર. નાં ગ્રાઉન્ડ ઉપર અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૨૬૯/૨૦૨૬ થી જામીન અરજી કરેલ, જે તપાસનાં નાજુક તબકકાને ધ્યાને લઇ અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ, ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી દીધેલ છે અને નામ. નીચેની કોર્ટમાં તા. ૨૯/૦૪/૨૦૨૬ નાં રોજ ચાર્જશીટ રજુ કરી દીધેલ છે, જેનો ક્રિમીનલ કેસ નં. ૩૦૭૯/૨૦૨૬ પડેલ છે અને હાલ ટ્રાયલ શરૂ કરવામાં આવેલ નથી તેમજ ચાર્જશીટ બાદ આરોપીએ નામ. નીચેની કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૭૧૦/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે નામ. નીચેની કોર્ટ દ્વારા ગુનાની ગંભીરતા અને અગાઉ સેસન્સ કોર્ટે જામીન નકાર્યા હોવાના તકનીકી કારણો આગળ ધરીને પોતાને ટ્રાયલ ચલાવવાની સત્તા હોવા છતા તા. ૧૫/૦૫/૨૦૨૬ નાં રોજ જામીન અરજી નામંજુર કરી દીધેલ છે, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીની ખોટી રીતે ધરપકડ કરવામાં આવેલ છે, આરોપી ગુનામાં સંડોવાયેલ નથી તેમજ ખોટી ફરીયાદ અને તપાસ બાદ દિવાની

વિવાદ હોવા છતા ખોટી રીતે ચાર્જશીટ કરવામાં આવેલ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી પાસેથી પોલીસને કોઇ નવો મુદ્દામાલ રીકવર કરવાનો બાકી રહેતો નથી કે ગુનાના સ્થળની કોઇ તપાસ બાકી નથી. નામ. સુપ્રિમ કોર્ટનાં સ્થાપિત સિધ્ધાંતો મુજબ કેસમાં ચાર્જશીટ ફાઇલ થવી એ પરીસ્થિતી અને સંજોગોમાં થયેલો બહુ મોટો કાનૂની ફેરફાર છે, જેથી પહેલા નામંજુર થયેલ જામીન અરજીનો બાધ હવે નડતો નથી ઉલટાનું તપાસ પૂર્ણ થવાથી હવે તપાસને નુકસાન થાય તેમ નથી અને નીચેની કોર્ટે જામીન અરજી નામંજુર કરવામાં કાયદાકીય ભુલ કરેલ હોય, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ચાર્જશીટનાં કાગળો જોતા, પોલીસે આ કેસમાં સાક્ષીઓની ખુબ લાંબી યાદી રજુ કરી છે, જેથી ટ્રાયલ ચાલતા ઘણો સમય લાગે તેમ છે, જો આરોપીને જામીન આપવામાં ન આવે તો ટ્રાયલ પહેલાની સજા સમાન ગણાશે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, પોલીસ દ્વારા શંકાનાં આધારે અરજદાર/આરોપીને હાલનાં કેસ સહીત એક સાથે ચાર અલગ-અલગ કેસોમાં સંડોવી દેવામાં આવ્યા છે, જેમાં મોટા ભાગનાં કામે જામીન મુકત છે, હકીકતમાં તપાસનાં કાગળો જોતા અરજદાર/આરોપી અન્ય મુખ્ય આરોપીઓનાં હાથો બનેલા છે તેવું જણાઇ આવે છે અને આરોપીનો કોઇ ગુનાહિત ઈરાદો ન હતો કેમ કે ભાડા સંબંધીત તકરાર જણાઇ આવે છે અને મુદ્દામાલ રીકવરી કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનો ગુનો ભાડા કરારનાં લખાણ અને દસ્તાવેજો ઉપર આધારીત છે, પોલીસ ચાર્જશીટ સાથે તમામ દસ્તાવેજી પુરાવાઓ મેળવી લીધા છે, આરોપી બહાર આવીને લેખિત પુરાવાઓ સાથે કોઇ છેડછાડ કે ફેરફાર કરી શકે તેવી કોઇ જ ટેકનીકલ શકયતા નથી, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ચાર્જશીટ પરથી સ્પષ્ટ થાય છે કે, અરજદાર/આરોપી માત્ર ભાડા કરાર સુધી મર્યાદીત હતા તેમનો વ્યકિતગત સામાજીક કે આર્થિક છેતરપીંડીનો કોઇ આશય ન હતો અને નથી તેમજ આરોપી પર જે બી.એન.એસ. ની કલમ-૩૧૬(૨) નો આક્ષેપ છે તેમાં વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે, આજીવન કેદ કે ફાંસીની સજાને પાત્ર એવો અત્યંત જઘન્ય નથી, જેથી આરોપીને જામીન મુકત કરવા

રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી યુવાન છે, સ્થાનીક રહેવાસી છે કુટુંબ કબીલાવાળા છે, પોતે પરણીત છે, વૃધ્ધ મા–બાપ છે, આખા પરીવારની જવાબદારી આરોપી ઉપર છે તેમજ ઝઘડીયા તાલુકાનાં ફીચવાડા ગામે કાયમી ઘર–જમીન ધરાવે છે, નિયમીત ઇન્કમટેકસ પેયર છે, આરોપી કયાંય નાસી ભાગી જાય તેવા નથી અને નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનામાં પાંચ વર્ષની સજાની જોગવાઇ હોવા છતા સી.આર.પી.સી. કલમ–૪૧ મુજબની નોટીસ આપ્યા વિના આરોપીને અટક કરવામાં આવેલ છે તેમજ આરોપીને ધરપકડના કારણો જણાવ્યા સિવાય ધરપકડ કરવામાં આવેલ છે, જેથી આર્ટીકલ–૨૧ નો ભંગ થાય છે. વધુમાં એવી દલીલ છે કે, આ ગુનાના કામે અન્ય સહ–આરોપીને નોટીસ આપી હાજર ગણી બોલાવી તેનું નિવેદન લઇ છોડી મુકવામાં આવેલ છે, જયારે હાલના અરજદાર/આરોપીની ખોટી રીતે ધરપકડ કરવામાં આવેલ છે. વધુમાં એવી દલીલ છે કે, હાલના કેસમાં સિવિલ વિવાદને ક્રિમીનલ સ્વરૂપ આપવામાં આવેલ છે. સદર ગુનાના કામે ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે, કોઇ તપાસ બાકી રહેતી નથી, આરોપી ઝઘડીયા તાલુકાના સ્થાનીક રહીશ છે, પોતાનું ઘર, પરીવાર અને જમીન ધરાવે છે, નાસી ભાગી જવાની કોઇ શકયતા નથી અને કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી બેઇલ ઇઝ રૂલ એન્ડ જેલ એકસેપ્શનનો સિધ્ધાંત ધ્યાને લઇ આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં આરોપીની આ અગાઉ એફ.આઇ.આર.નાં ગ્રાઉન્ડ ઉપરની જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે, ત્યારબાદ ચાર્જશીટ દાખલ થતા હાલની જામીન અરજી કરેલ છે, પરંતુ ચાર્જશીટ દાખલ થવા માત્રથી જ બદલાયેલા સંજોગો હોવાનું કહી શકાય નહી, જેથી હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનાના કામે આરોપીનો રોલ જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપીએ ફરીયાદી

તથા સાહેદો પાસેથી ફોરવ્હીલ ગાડીઓ બાબતે ભાડા કરારનું લખાણ કરી આપવાનું જણાવી ગાડીઓ કંપનીમાં સુપરવાઇઝરોને લેવા-મુકવા માટે ભાડા ઉપર ફેરવવા માટે લઇ જઇ ફરીયાદી તથા સાહેદોને પ્રથમ બે-ત્રણ મહિનાનુ ભાડુ ચુકવી આપી વિશ્વાસ આપી ફોરવ્હીલ ગાડીઓ બાબતે ફરીયાદી તથા સાહેદોની જાણ બહાર વોન્ટેડ આરોપી મયુર ઉર્ફે મેહુલ રાઠોડને ગીરવે આપી વિશ્વાસઘાત કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીને કાયદાનો ખૌફ નથી અને છેતરપીંડી અને વિશ્વાસઘાત જેવા ગંભીર ગુનો કરવાની માનસીકતા ધરાવે છે, જો આરોપીને જામીન ઉપર મુક્ત કરવામા આવશે તો આવા પ્રકારના ગુનાઓ આચરવા પ્રોત્સાહન મળશે અને વધુ ગુનાઓ આચરી લોકોને આર્થિક નુકસાન કરશે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ટ્રાયલ વખતે હાજર રહેશે કે કેમ ? તેવી શકયતા જણાતી નથી અને ફરીવાર આવા પ્રકારના ગુનાઓ આચરે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી, જેથી જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ અલગ-અલગ પો.સ્ટે.માં ચોરી તથા વિશ્વાસઘાતનાં ૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે તેમાં જામીન મુક્ત થયા બાદ ફરીથી આવા પ્રકારનો ગુનો કરેલ છે, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) હાલનાં અરજદાર/આરોપીએ આ અગાઉ એફ.આઇ.આર.નાં ગ્રાઉન્ડ ઉપર ક્રિ.પ.અ.નં. ૨૬૯/૨૦૨૬ થી જામીન અરજી કરેલ, જે જામીન અરજી આરોપી સામેનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસે ગુનાની તપાસ કરી ચાર્જશીટ દાખલ કરતા તેમજ હાલના ગુનાના અન્ય બે સહ-આરોપીઓને પોલીસે નોટીસ આપી સહ-આરોપીઓને હાજર રાખી પોલીસ સ્ટેશનમાંથી જામીન ઉપર મુક્ત કરેલ હોય બદલાયેલા સંજોગોમાં હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૭) આરોપીનાં વિ.વકીલશ્રી તરફે વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીને ગ્રાઉન્ડસ ઓફ એરેસ્ટ આપવામાં આવેલ નથી

તેમજ સી.આર.પી.સી. કલમ–૪૧ મુજબની નોટીસ આપવામાં આવેલ નથી, જેથી આ કામે નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદા અરનેશકુમાર, મિહીર શાહ અને વિહાનકુમારના ચુકાદાઓમાં ઠરાવેલ પ્રસ્થાપિત સિધ્ધાંતનો ભંગ કરી આરોપીને અટક કરવામાં આવેલ હોય આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

આરોપી તરફેની ઉપરોકત દલીલનાં સંદર્ભમાં ત.ક.અધિકારીશ્રીનો આંક–૧૮ થી રીપોર્ટ તથા તે સાથે એરેસ્ટ મેમો, આરોપીનો પ્રોડકશન રીપોર્ટ, ચેકલીસ્ટ, આરોપીનું ચહેરા નિશાન પત્રક, બી.એન.એસ.એસ.ની કલમ–૪૭ હેઠળ ધરપકડના કારણોની જાણ કરવાની યાદી, આરોપીને આપવામાં આવેલ ધરપકડના કારણો, આરોપીનું મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ મેળવવા મેડીકલ ઓફિસર, ભરૂચને લખેલ પત્ર તથા મેડીકલ સર્ટીફીકેટ વિગેરે રજુ કરેલ છે. સદર દસ્તાવેજો ધ્યાને લેતા, આરોપીનાં પિતાને ધરપકડ અંગે જાણ કરવામાં આવેલ છે તથા ધરપકડના કારણોનું ચેકલીસ્ટ પણ પોલીસે પ્રોડકશન સમયે રજુ કરેલ છે તેમજ પંકજ બંસલ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા, પ્રબીર પુરકાયસ્થ વિ. રાજય અને વિહાનકુમાર વિ. હરીયાણાના નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ મુજબ આરોપીને ધરપકડ કરવાના કારણો લેખિતમાં આપવામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે અને આ તમામ ઉપર આરોપીની સહી છે. આમ, નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને ગ્રાઉન્ડસ ઓફ એરેસ્ટ આપવામાં આવેલ નથી તેવી વિ.વકીલશ્રીની દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૮) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઈ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો, હાલના આરોપીએ આ કામનાં ફરીયાદી તથા સાહેદો પાસેથી ફોરવ્હીલ ગાડીઓ બાબતે ભાડા કરારનું લખાણ કરી આપવાનું જણાવી ફોરવ્હીલ ગાડીઓ કંપનીમાં સુપરવાઈઝરોને લેવા–મુકવા માટે ભાડા ઉપર ફેરવવા માટે લઈ જઈ ફરીયાદી તથા સાહેદોને પ્રથમ બે–ત્રણ મહિનાનુ ભાડુ ચુકવી આપી ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસ આપી ફોરવ્હીલ ગાડીઓ ફરીયાદી તથા સાહેદોની જાણ

બહાર આ ગુનાનાં વોન્ટેડ આરોપી મયુર ઉર્ફે મેહુલ રાઠોડને ગીરવે આપી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેનો આક્ષેપ છે. આ કામે એફ.આઇ.આર. તથા પોલીસ પેપર્સ જોતા, હાલનાં ફરીયાદીની અર્ટીકા ગાડી તથા સાહેદ પ્રવિણભાઇ કિશોરભાઇ મારવાડીની અર્ટીકા ગાડી તથા સાહેદ શાહનવાજ જાકીરહુશેન પટેલની અર્ટીકા ગાડી તથા સાહેદ હરેશભાઇ મનહરભાઇ પટેલનાઓની અર્ટીકા ગાડી તથા સાહેદ તરૂણભાઇ હરીશભાઇ ભગલાણીનાઓની રૂમીયોન ફોરવ્હીલ ગાડી લઇ જઇ ફરીયાદી તથા સાહેદોનો વિશ્વાસઘાત કરેલાનો આક્ષેપ છે અને પોલીસે આ તમામ સાહેદોનાં નિવેદનો લીધેલા છે. આમ, હાલનાં અરજદાર/આરોપીએ માત્ર ફરીયાદી સાથે જ નહી, પરંતુ તે સિવાયનાં અન્ય સાહેદો સાથે પણ આ જ રીતે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલાનો આક્ષેપ છે. વધુમાં હાલનાં ગુનામાં પોલીસે ગુનાની તપાસ કરી ચાર્જશીટ દાખલ કરેલ છે, જેથી નકલ લીસ્ટથી રજુ છે, તે જોતા પોલીસે હાલના ગુનામાં છેતરપીંડી કરી આરોપીએ મેળવેલ ફોરવ્હીલ ગાડીઓ સહ-આરોપીઓ પાસેથી કબજે કરેલ છે, ત્યારે વધુ કોઇ ગુનાની તપાસ બાકી રહેતી નથી અને મુદ્દામાલ રીકવર થઇ ગયેલ છે. વધુમાં આરોપી તરફે આંક-૧૯ ના લીસ્ટથી આરોપી સામે અગાઉ નોંધાયેલ ગુનાઓમાં આરોપી નિર્દોષ છુટી ગયેલ છે તેના હુકમોની નકલ રજુ કરેલ છે. સદર ગુનાઓ જોતા વર્ષ: ૨૦૧૫-૧૬ ના ગુનાઓ છે અને આરોપીને તે તમામ ગુનાઓમાં નિર્દોષ છુટેલાનું સ્પષ્ટ થાય છે. વધુમાં પોલીસ એફીડેવીટ ધ્યાને લેતા, આ ગુનાના અન્ય સહ-આરોપી મહંમદ નઇમ મહંમદ હનીફ શેખ તથા મેહુલકુમાર ઉર્ફે મયુર વિજયસિંહ રાઠોડ કે જેઓની પાસેથી પોલીસે હાલના ગુનાની ફોરવ્હીલ ગાડીઓ કબજે કરેલ છે, તે આરોપીઓને પોલીસ સ્ટેશનમાંથી જામીન મુકત કરેલા છે તેમ સ્પષ્ટ થાય છે. આમ, જયારે એક જ ગુનામાં પોલીસ દ્વારા સહ-આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે અને પોલીસે ગુનાની સંપૂર્ણ તપાસ પૂર્ણ કરી રીકવરી કરી ચાર્જશીટ દાખલ કરેલ છે, ત્યારે બદલાયેલા સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને પણ જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાય છે.

(૯) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ હાલના ગુનાના સહ-આરોપીઓને પોલીસ સ્ટેશનમાંથી જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે

તેમજ પોલીસ તપાસ કરી રીકવરી કરી ચાર્જશીટ દાખલ કરેલ છે તેમજ આરોપી ભરૂચ જિલ્લાના સ્થાનીક રહીશ છે, નાસી ભાગી જાય તેમ નથી અને પોતાના કુટુંબ કબીલા સાથે રહે છે તેમજ માલ મિલકત ધરાવતા આવેલા છે, તે તમામ સંજોગો તથા હકીકતો જોતા આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું હોય, હાલની રેગ્યુલર જામીન અરજી મંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) ભરૂચ 'સી' ડિવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૬૦૨૨૭ /૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૫૪ મુજબના ગુનાના કામે હાલનાં અરજદાર/આરોપી **ઓમકારસિંહ ધર્મેન્દ્રસિંહ ધરીયા,** રહે. ફીચવાડા ગામ, તા. ઝઘડીયા, જિ. ભરૂચનાઓને રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષનાં સાક્ષીઓને ધાકધમકી આપવી નહી તેમજ પુરાવા સાથે ચેડા કરવા નહી તેમજ તેઓને કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી ફોડવા પ્રયત્ન કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાનાં કાયમી રહેઠાણનું સરનામું અને મોબાઈલ નંબરની વિગતો ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમજ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરવી તથા રહેઠાણ બદલવાનાં સંજોગોમાં નવું સરનામું તપાસ કરનાર અમલદાર તેમજ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવું.

૩. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો, ટ્રાયલ કોર્ટમાં દિન-૭ માં જમાં કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૪. અરજદાર/આરોપીએ સદર કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

પ. ઉપરોકત શરતોમાં ટ્રાયલ કોર્ટ વધારો-ઘટાડો કે ફેરફાર કરવા સક્ષમ રહેશે.

૬. અરજદાર/આરોપીએ આ હુકમ મુજબ ટ્રાયલ કોર્ટમાં જામીન તથા બોન્ડ આપવા.

(૨) સદર હુકમ મુજબ યાદી કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડેન્ટ/જેલશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૦૨ જી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**